રાજયની સરકારી બી.એડ., કાયદો, આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન કોલેજો ખાતે વ્યાખ્યાતાઓની ખાલી જગ્યાઓને વ્યાખ્યાતા સહાયક તેવું નામ આપી કરાર આધારિત જગ્યા ભરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃજીસીઓ-૧૫૦૩-૨૨૨૯-ખ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૭ / ૬ / ૨૦૦૯.

**વંચાણે લીધા :-**

(૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃજીસીઓ-૧૫૨૦૦૮-૨૬૯૫-ખ, તા.૨૬/૮/૨૦૦૮

(૨) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના તા.૨૭/૨/૦૯ ની નોંધથી મળેલ અ.વિ. દરખાસ્ત(યુઓઆર-૭૬૨/ખ,તા.૧૨/૩/૦૯)

**પ્રસ્તાવના :-**

રાજયમાં હાલ સરકારી વિનયન, વાણિજય, વિજ્ઞાન, લો, અને બી. એડ. તથા શિક્ષણ શાસ્ત્રની કુલ ૩૫ કોલેજો કાર્યરત છે. તેમજ સને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં ૧૦ નવી સરકારી કોલેજો શરુ કરવામાં આવતાં હાલમાં કુલ-૪૫ જેટલી કોલેજો કાર્યરત છે. આ તમામ કોલેજોમાં શૈક્ષણિક કાર્ય માટે કાર્યભારના આધારે વ્યાખ્તાની ઘણી જ આવશ્યકતા હોવાથી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની તા.૨૫/૫/૦૮ ની દરખાસ્ત પરત્વે વિચારણા કરીને સરકારી કોલેજોની વ્યાખ્યાતાઓની ખાલી જગ્યાઓ વ્યાખ્યાતા સહાયક તેવા નામાભિધાનથી રૂા. ૭૫૦૦/- ના ફિકસ માસિક ઉચ્ચક પગારથી ૧૧ માસ માટે કરાર આધારિત નિમણૂંક આપવા અંગેના હુકમો વંચાણે લીધેલ ક્રમાંક-૧ હેઠળના શિક્ષણ વિભાગના તા.૨૬/૮/૦૮ ના ઠરાવથી કરવામાં આવેલ હતા.

પ્રસ્તુત બાબતમાં ફિકસ પગારની રકમ ઘણી જ ઓછી હોવાના કારણે ઉમેદવારો ઘણી ઓછી સંખ્યામાં ઉપલબ્ધ થતા હતા. જેના કારણે પુરતા શૈક્ષણિક સ્ટાફ ના અભાવે શૈક્ષણિક કાર્યમાં મુશકેલી પડતી હતી. જેના અનુસંધાને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીએ વંચાણે લીધેલ ક્રમ-૨ હેઠળની અ.વિ. નોંધથી રૂા.૭૫૦૦/- ના બદલે તેમાં વધારો કરવાની તેમજ માસિક ઉચ્ચક પગારથી ૧૧ માસ માટે કરાર આધારિત નિમણૂંકો આપવા અંગેની દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

.. .. ૨,

<u>ઠ રા વ :-</u>

૨. પુખ્ત વિચારણાને અંતે રાજયની સરકારી કોલેજોની વ્યાખ્યાતાઓની કુલ-૩૫૫ ખાલી જગ્યાઓ (હાલની ખાલી જગ્યાઓ ૨૮૯ તેમજ ૬૬ નવી મંજુર થયેલી જગ્યાઓ) વ્યાખ્યાતા સહાયક તેવા નામાભિધાનથી રૂા. ૧૬,૫૦૦/- ના માસિક ઉચ્ચક પગારથી ૧૧ માસ માટે કરાર આધારિત નિમણૂંક આપવાનું આથી સરકારશ્રી ઠરાવે છે.

(૧) આ ઠરાવ રવાના થયાની તારીખથી અમલમાં આવશે. તેમજ તા.૨૬/૮/૦૮ નો ઠરાવ તાત્કાલિક અસરથી રદ ગણવાનો રહેશે.

(૨) ૧૧ માસ માટે કરાર આધારિત નિમણૂંક ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના અધ્યક્ષપણા હેઠળની નીચે મુજબની રચાયેલ પસંદગી સમિતિએ કરવાની રહેશે.

| ક્રમ | વિગત | હોદ્દો |
|---|---|---|
| ૧ | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી | અધ્યક્ષ |
| ૨ | આર્ટસ, કોમર્સ, વિજ્ઞાન, લો, કોલેજોમાં એક કોલેજના આચાર્યશ્રી (જે તે વિષયની પસંદગી માટે) | સભ્ય |
| ૩ | જે તે વિષયના નિષ્ણાંત | સભ્ય |
| ૪ | સંયુકત શિક્ષણ નિયામક (મહેકમ) | સભ્ય સચિવ |

(ઉપર ક્રમાંક:૨ અને ૩ માં જણાવેલ નામો ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી નકકી કરશે.)

(૩) ૧૧ માસ માટે કરાર આધારિત વ્યાખ્યાતાની નિમણૂક નીચે દર્શાવેલ શરતોને આધિન કરવાની રહેશે.

૩.(૧) વ્યાખ્યાતા સહાયકની જગ્યા ભરવા માટે લાયકાતની જરુરિયાતને ધ્યાને રાખીને ખાલી જગ્યાઓની વિગતો ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી તરફથી આખરી કરવાની રહેશે.

૩.(૨) રાજય સરકારની ફિકસ પગારની નિમણૂંક યોજના અન્વયે આ જગ્યાઓ માસિક રૂપિયા ૧૬,૫૦૦/- ફિકસ પગારથી ભરવાની રહેશે.

૩.(૩) પસંદ થયેલ કરાર આધારિત વ્યાખ્યાતા સહાયકને નિમણૂંક આપતી વખતે શરતમાં સ્પષ્ટ રીતે જણાવાય કે કોઇપણ સંજોગોમાં અગીયાર માસની મુદ્દતથી વધારે સમય સુધી ઉમેદવારને ચાલુ રાખી શકાશે નહી. કરાર આધારિત નિમણૂંક અપાયેલ વ્યાખ્યાતાને ૧૧ માસ બાદ તુરત જ છુટા કરવાના રહેશે અને જો શૈક્ષણિક હિતમાં ફરીથી ખાલી જગ્યા ભરવી જરુરી જણાય તો પુનઃ નિયત ભરતી પ્રક્રિયા ધ્વારા જગ્યા ભરવાની રહેશે. જો જાહેર સેવા આયોગ ધ્વારા ૧૧ માસ પૂર્ણ થાય તે પહેલાં ઉમેદવાર ઉપલબ્ધ કરવામાં આવે તો આ ૧૧ માસ તે પ્રમાણે ટૂંકાવવામાં આવશે.

.. .. ૩,

૩.(૪) કરાર આધારિત તદ્દન કામચલાઉ ધોરણે વ્યાખ્યાતા સહાયક તરીકે પસંદગી પામેલ ઉમેદવાર પાસેથી સ્ટેમ્પ પેપર ઉપર નિમણૂંક મળ્યા બાદ કોઈપણ પ્રકારના હકક-દાવાઓ કરવામાં આવશે નહી તેવું સોગંદનામું / બાંહેધરી પત્રક મેળવવાનું રહેશે.

૩.(૫) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૪-૧૦-૯૩ ના ઠરાવ મુજબ ૧૧ માસ માટે રાજય સરકાર (નિમણૂંક સત્તાધિકારી) ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શ સિવાય એડહોક નિમણૂંક આપી શકે છે.

૩.(૬) કરાર આધારિત નિમણૂંક સમયે પણ રોસ્ટર પોઈન્ટનું પાલન કરવાનું રહેશે.

૩.(૭) મંજુર થયેલ ખાલી જગ્યાઓ સામે જ તદ્દન કામચલાઉ કરાર આધારિત ધોરણે ભરતી કરવાની રહેશે.

૩.(૮) પસંદગી માટે લાયક ઉમેદવારોને તક મળે તે માટે કરાર આધારિત નિમણૂંકના વોક ઈન ઈન્ટરવ્યુની જાણ બહોળી પ્રસિધ્ધિ ધરાવતા દૈનિક વર્તમાનપત્રો ધ્વારા કરવાની રહેશે તેમજ તમામ યુનિવર્સિટીઓના રોજગાર કાર્યાલયોમાંથી નામો મંગાવી ઈન્ટરવ્યુની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૩.(૯) યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન ધ્વારા વર્તમાન સુચવાયેલ લઘુત્તમ લાયકાતોને લક્ષમાં લઈ પસંદગી માટેના ચોકકસ માપદંડો નકકી કરી તે મુજબ ઈન્ટરવ્યુ સમિતિ પસંદગી કાર્યવાહી હાથ ઉપર લેશે.

૩.(૧૦) ઉમેદવારોની પસંદગી મેરીટના આધારે જ કરવાની રહેશે જેમાં ઉમેદારની શૈક્ષણિક લાયકાતના ધોરણે મેરીટ ગુણ ૯૦ ટકા અને ઈન્ટરવ્યુ કમિટિના ૧૦ ટકા રહેશે. આ પ્રકારની ગુણાંકન પધ્ધતિનો અમલ કરવાનો રહેશે.

૩.(૧૧) એ જ રીતે ઉપર જણાવ્યા પ્રમાણે ઉપરોકત દરેક ભરતી કર્યા પછી, ભરતીની તારીખ અને ૧૧ માસ પછી છૂટા કરવા અંગેનો રિપોર્ટ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી ધ્વારા સરકારશ્રીમાં કરવાનો રહેશ. ઉપરોકત તમામ શરતોનું સંપૂર્ણપણે પાલન થાય તે જોવાની જવાબદારી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીની રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૧૨/૬/૨૦૦૯ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વિકટર મેકવાન

( વિકટર મેકવાન )

નાયબ સચિવ

શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.

.. .. ૪,

- એ.જી. અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર
- આચાર્યશ્રી સરકારી કોલેજો, (ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી મારફત)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ. / સિલેકટ ફાઇલ.

P / Kh Br./ Sarcular / 42